ફો.પર. (મુદ્દામાલ) અ.નં.૩૦૧/૨૦૨૬

નવસારી રૂરલ પો.સ્ટે. પાર્ટ–એ, ગુ.રજી.નં.૧૧૮૨૨૦૨૧૨૫૨૫૨૩/૨૦૨૫, **બી.એન.એસ.ની કલમ–૩૩૧(૩),૩૩૧(૪),૩૦૫(એ),૫૪** મુજબના ગુના ના કામે **અરજદાર શાનવાઝ દુલારે ખાન** નો મુદ્દામાલ મોપેડ ટીવીએસ એનટોક ૧૨૫ જેનો રજી નં. **MH-48-CJ-9672** એન્જીન **નં. CK3FN26018 24** તથા ચેચીસ નં**. MD626BK37N2F01825** પરત મેળવવા માટેની અરજી હેઠળ હુકમ.

---

**૦૧.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૯૭ અન્વયે હાલની અરજી ઉપરોકત મુદામાલ જે ઉપરોકત ગુન્હાના કામે કબજે કરેલ હોય, મુદ્દામાલ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં દેખરેખ રાખવાની કોઈ વ્યવસ્થા નથી અને જો સદર મુદ્દામાલ આમ ને આમ બિન વપરાશી હાલતમાં પડી રહે તો વાહનના એન્જીન, સ્પેર–પાર્ટસ તથા ટાયર, ટયુબને નુકશાન થવાની પૂરેપુરી શકયતા રહેલી હોવાનું જણાવી, અરજદાર સદર મુદ્દામાલના એક માત્ર નોંધાયેલા માલિક હોય, હાલની ફરિયાદનો નિર્ણય થવામાં સમય જાય તેમ હોય, તેવા સંજોગોમાં તેઓને વચગાળાના ધોરણે મુદામાલ યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા માટેની માંગણી કરેલ છે. અરજી સબબ ત.ક.અ.નો અભિપ્રાય વંચાણે લેતા તેઓએ જણાવેલ છે કે, પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ માં કેસનો નિકાલ ન થાય ત્યા સુધી ઉપરોકત કબજે કરેલ મુદ્દામાલ પરત નહી સોપવાનો અભિપ્રાય આપેલ છે.

**૦૨.** વિ.એ.પી.પી.શ્રીએ સદર અરજી લગત કરેલો શેરો વંચાણે લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, ફરીયાદ તથા મુદ્દામાલ અરજી, પંચનામું તથા મુદ્દામાલ પાવતી તથા આઈ.ઓ.નો અભિપ્રાય વંચાણે લેતા તથા પુરાવા વંચાણે લેતા સદર મુદ્દામાલનો ઉપયોગ ચોરીના કામમા કરેલ હોય તથા

મુદ્દામાલ પરત આપવામાં આવે તો ફરી આવા પ્રકારના ગુનામાં ઉપયોગ થવાની શકયતા રહેલ છે જેથી અરજદારની મુદ્દામાલ અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**૦૩.** અરજદારે અરજી સાથે રજૂ કરેલા મુદ્દામાલ પરત્વે અરજદારના આધાર કાર્ડની નકલ તથા આર.સી. બુકની નકલ તથા એફ.આઈ.આર.ની નકલ ધ્યાને લેતા સદર મુદ્દામાલ અરજદાર નામે ઈશ્યુ થયેલા છે. જેથી અરજદારનો યોગ્ય કબજો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. જેથી વચગાળાના તબકકે અરજદારને પરત ન આપવા સામે કોઈ હરકત જણાતી નથી.

**૦૪. નામ.સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ૨૦૦૨(૮) સુપ્રિમ ટુ–ડે પાના નં.પરપ** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને લક્ષમાં લેતા મુદામાલ તપાસના કામે જરૂરી ન હોય તો પોલીસ કસ્ટડીમાં રાખવુ ના જોઈએ.

**૦૫.** આ કામમાં ઉભયપક્ષોની રજૂઆતો અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં સ્થાપિત કરવામાં આવેલ ગુણોત્તર અને કેસની હકીકતોને લક્ષમાં લેતા, મુદામાલ જયારે અરજદારના નામે હોય ત્યારે તેવા સંજોગોમા વચગાળા ના ધોરણે તેઓને શરતોને આધિન મુદ્દામાલ પરત સોંપવામાં આવે તો ન્યાય નો હેતુ જળવાશે. વળી, તપાસના કામે મુદ્દામાલની કોઈ આવશ્યકતા હોય તેવુ પણ જણાતુ નથી ત્યારે મુદ્દામાલ પોલીસ કસ્ટડીમાં રાખવો ના જોઈએ. આ સંજોગોમાં હાલનો મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં રાખવો ન્યાયોચિત જણાતુ નથી કે જયારે તેની કસ્ટડી અરજદારે માંગેલી હોય, વળી કેસનો ન્યાયિક નિર્ણય થવામાં સમય જાય તેમ હોય ત્યાં સુધી મુદ્દામાલ પોલીસ કસ્ટડીમાં

રાખવુ ન્યાયોચિત જણાતુ નથી, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

અરજદારની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

**અરજદાર શાનવાઝ દુલારે ખાન** નાઓનો નવસારી રૂરલ પો.સ્ટે. પાર્ટ–એ, ગુ.રજી.નં.૧૧૮૨૨૦૨૧૨૫૨૫૨૩/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૩૩૧(૩),૩૩૧(૪),૩૦૫(એ),૫૪ મુજબના ગુના ના કામે કબજે કરવામા આવેલ મુદ્દામાલ મોપેડ ટીવીએસ એનટોક ૧૨૫ જેનો રજી નં. **MH-48-CJ-9672 એન્જીન નં. CK3FN2601824 તથા ચેચીસ નં. MD626BK 37N2F01825** છે તે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ કિંમતના દોઢી રકમના બોન્ડ પોલીસ સ્ટેશનમાં રજૂ કર્યેથી વચગાળાની કસ્ટડી સ્વરૂપે અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શ ર તો :–**

**અરજદારે,**

**૦૧.** મુદ્દામાલ કેસનો ન્યાયિક નિર્ણય ના થાય ત્યાં સુધી અન્ય કોઈ વ્યકિતને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવુ કરાવવુ નહિ.

**૦૨.** આ અદાલત અગર તો અન્ય અદાલત આ ગુનાના કામે જયારે પણ મુદામાલ માંગે ત્યારે અને ત્યાં રજૂ કરવાનો રહેશે.

**૦૩.** મુદામાલ ભવિષ્યમાં ગુનાહિત કામે ઉપયોગ ના થાય તે રીતે ઉપયોગ કરવાનો રહેશે.

**૦૪.** જામીન તથા બોન્ડ પોલીસ સ્ટેશનમાં આપવા તથા તે પેપર ત.ક.અમલદારે ચાર્જશીટ સાથે સામેલ રાખવા અને અત્રેની કોર્ટમાં જમાં કરાવવા.

**૦૫.** ત.ક.અમલદારશ્રીએ મુદ્દામાલ વાહન અરજદારને સોંપતા પહેલા તેના ફોટા પાડી તેને કેસ પેપર સાથે રાખવા તથા તેઓએ સદર ફોટા ઉપર અરજદારની કાઉન્ટર સિગ્નેચર લેવી.

ઉપરોકત શરતો પૈકી કોઈ પણ શરતોનો ભંગ થશે તો મુદ્દામાલ જપ્ત કરવામાં આવશે.

આ હુકમની યાદી સબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ **તા.ર૪મી, માહે–માર્ચ સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૪/૦૩/૨૦૨૬
નવસારી.

**સહી/–**
**(બી. કે. શાહ)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
નવસારી
કોડ નં.જી.જે.૦૧૪૭૭